## 'લોકડાઉન' તેરે કારણ...



- 'ચકલું ય ફરક્યું નથી' એ રૂઢિપ્રયોગનો અર્થ હવે બરાબર ખબર પડી.
- 'અમારા એમનો તો ટાંટિયો ઘરમાં ટકતો જ નથી... ઘરમાં રહેતાં એમને કીડીઓ ચટકા ભરે છે...' એવી એવી ફરિયાદ કરતી પત્નીઓ હવે 'એ બહાર હોય એ જ સારું છે' કહેતી થઈ ગઈ !
- મિત્રોને ઘરમાં ભેગા કરીને દુનિયાભરની પંચાત કુટવાવાળા કે ચાના ગલ્લે ભેગા થઈને ચોવટ કરનારને હવે લાગે છે કે ઘરમાં એકલા બેસીને સાંભળવાનો શોખ કેળવ્યો હોય તો વધુ સારું થાય !!




- બીડી - સિગારેટ - ગુટકા - મસાલાના બંધાણીઓને ખબર પડી કે સરકાર વારંવાર આ વ્યસન 'સ્વાસ્થ્ય માટે હાનિકારક છે' એવી જાહેરાતો કેમ કરે છે...
- 'મને તો ભાઈ, મરવાનોય ટાઈમ નથી... બહુ કામ રહે છે... લગારે ય ફૂરસદ જ નથી હોતી' નું રટણ કરનારને હવે ભગવાને જ કહ્યું, 'જો લેતો જા હવે તારી પાસે ટાઈણ જ ટાઈમ છે...'
- 'અમારે ઓફિસમાં - ધંધામાં કેટલું કામ હોય છે તે તમને બૈરાઓને કયાંથી ખબર હોય !' એવી ડંફાસો મારનારાઓને ઘરમાં ગૃહિણીઓને કેવાં-કેવાં, કેટલાં-કેટલાં કામો ને જવાબદારીઓ હો છે એનો પૂરેપૂરો અંદાજ પાંચ દિવસમાં જ આવી ગયો છે...
- 'રસોઈ કરવી એમાં શી મોટી વાત છે?' એવા પ્રશ્નકર્તા પુરુષોની શાક સુધારવામાં, લસણ ફોલી આપવામાં કે મિક્ષરમાં ચટણી ગ્રાઈન્ડ કરવામાં ને એવાં બીજાં ઘરકામમાં મદદ કરતાં કરતાં 'ટાંઈ ટાંઈ ફિસ' થઈ ગયું છે !!
- નવરાં બેઠા ઘરમાં 'કબાટ સફાઈ અભિયાન' આદર્યું. તો કેટલાય વખત પહેલાં ગુમ થઈ ગયેલ આધારકાર્ડ, વાઈફનો પાસપોર્ટ, બેબીનું બર્થ સર્ટિફીકેટ, બેગની ચાવીઓ, ગેસ ગિઝરનું વોરન્ટી કાર્ડ એવું કંઈ કેટલું ય જડી ગયું... 'યુરેકા... યુરેકા...'!!
- 'મમરા - પૌંઆ - સીંગ-ચણાં, બિસ્કિટોનો આટલો સ્ટોક ભરી રાખવાની તારી ટેવથી તોબા...' એવી ટકોર કરતાં પરિદેવોને પત્ની 'હોંશિયાર' ને આ સ્ટોક વહાલો વહાલો લાગે છે...

## આ બાજી...?

દેવાલયો છે ખાલી;
મંદિરે એકલા પૂજારી,
ન ભીડ ભક્તોની
ઘોંઘાટ - ઘંટાનાદ પણ નહીં....
શું ઈશને ય
હશે આ શાંતિ વહાલી ?
ને તેથી જ
રોજની આ ધમાલથી
થોડી નિરાંત કાજે
દેવી-દેવતાઓએ જ
ગોઠવી હશે આ બાજી....?

- પ્રકાશ લાલા

## મુક્તક

જીંદગીથી જો કરો છો પ્રેમ તો ઘરમાં રહો,
કોઇ પણ ના પૂછશે છો કેમ? જો ઘરમાં રહો;
જો તમારે ગાળવા હો શેષ દિવસો મોજમાં,
માણવા મીઠી નજરની કેદ લો ઘરમાં રહો.

- અનંત પટેલ

## 'એ તો મને જ ખબર છે'

"તુ છે કેટલી આબેહૂબ મૂરત એ તો મને જ ખબર છે,
તુ છે કેટલી ખ્વાબ-એ-ખૂબસૂરત એ તો મને જ ખબર છે,
તુ છે કેટલી દિલકશ મારા દિલમાં એ તો મને જ ખબર છે,
તુ છે કેટલી મદહોશ મારી પ્રીતમાં એ તો મને જ ખબર છે,
તુ છે કેટલી પ્રેમાળ મારા પ્રેમમાં એ તો મને જ ખબર છે,
તુ છે કેટલી હેતાળ મારા હેતમાં એ તો મને જ ખબર છે,
તુ છે કેટલી નટખટ એ તો મને જ ખબર છે ,
આપે છે કેટલીવાર મારા દિલ ને દસ્તક ટક ટક એ તો મને જ ખબર છે,
તુ છે કેટલી સુકૂનમાં મારા પ્રેમમાં અને કેમ કેમ રહું છું ઝૂનૂનમાં તારા પ્રેમમાં એ તો મને જ ખબર છે,
છું હું તારો બબ્બર અજબ 'પ્રીત પ્યારો' તને જ ખબર છે,
છે તુ મારી બબ્બર ગજબ 'તારા ન્યારી' મને જ ખબર છે,
તુ કેટલો ડરાવે, ધમકાવે, ખિજાવે એ તો મને જ ખબર છે,
કેમ કેમ મારું દિલ તને મનાવે, ફોસલાવે, બહલાવે એ તો મને જ ખબર છે,
કરું છું દીઠો ગાંડાની જેમ પ્રેમ એ તો મને જ ખબર છે,
હા હો ખબર છે ખબર છે મને ખબર છે લાગું છું હું ત્યારે મીઠો શેરડીના સાંઠાની જેમ એ તો મને જ ખબર છે,
ઝૂમું છું રાસ ગરબા તારી નજીક આવીને કેવી રીતે એ તો મને જ ખબર છે,
પાડું છું બૂમાડા મારું છું સિસકારા તને જોઈને એ તો મને જ ખબર છે,
છું હું તારો આશિક, પ્રેમી, પાગલ કેટલો એ તો મને જ ખબર છે,
બની ગઈ છે તુ મારી કશિશ, ઘેલી, વાઘણ કેટલી એ તો મને જ ખબર છે."

- પરિમલ રમેશભાઈ શેખવા 'પ્રીત પ્યારો'

### તમામ પ્રકારની સંભવિત સંક્રમણની પરિસ્થિતિને પહોંચી વળવા માટે

# રાજ્યનું વહીવટી તંત્ર સુસજ્જ

ગાંધીનગર, તા. ૨૯

અમદાવાદમાં ૪૭ વર્ષના પુરુષનો નવો કેસ નોંધાયો હતો, દુર્ભાગ્યવશ આજે આ વ્યક્તિનું નિધન થયું છે. આ પુરુષમાં ડાયાબિટીસના લક્ષણો પણ જોવા મળ્યા હતા. આ ઉપરાંત અમદાવાદમાં ૬૭ વર્ષના એક મહિલા પણ પોઝિટિવ જણાયા છે જેને લોકલ ટ્રાન્સમિશન થી ચેપ લાગ્યો હતો.આ ઉપરાંત ૩૪ વર્ષના અમદાવાદના એક પુરુષને પણ કોરોના પોઝિટિવ જણાયો છે. આ યુવાનમાં મુંબઈની ટ્રાવેલ્સ હિસ્ટ્રી જણાઈ છે. આમ ગઈકાલ સાંજથી અત્યાર સુધીમાં નવા ત્રણ પોઝિટિવ કેસ જોવા મળ્યા છે.

ગુજરાતમાં આ સાથે પાંચ વ્યક્તિઓના મૃત્યુ નીપજયા છે. આરોગ્ય વિભાગના અગ્ર સચિવ ડો. જયંતિ રવિએ આજે સવારે આ વિગતો આપતાં જણાવ્યું હતું કે, વડોદરામાં ત્રણ વ્યક્તિઓ કે જેમને પોઝિટિવ કેસ હતા તેઓ સારવાર પછી હવે સારા થઈ ગયા છે. આમ છતાં તેમને પ્રોટોકોલ પ્રમાણે ૧૪ દિવસના આઈસોલેશનમાં રાખવામાં આવ્યા છે. ડો.જયંતિ રવિએ જણાવ્યું હતું કે, રાજ્યમાં અત્યારે ૧૯,૬૬૧ વ્યકિતઓ ક્વૉરેન્ટાઈન હેઠળ છે. તેમણે એમ પણ જણાવ્યું હતું કે, ક્વૉરેન્ટાઈનનો ભંગ કરનાર ૨૩૬ વ્યક્તિઓ સામે પોલીસ ફરિયાદ કરવામાં આવી છે.

- **ગુજરાતમાં કોરોના કોવીડ૧૯ ના કુલ ૫૮ પોઝિટિવ કેસ નોંધાયા છે. ગઈકાલ સાંજથી આજે સવાર સુધીમાં ત્રણ નવા કેસ નોંધાયા છે.**
- **રાજ્યના ચારેય મહાનગરો સહિત જિલ્લા કક્ષાએ ૫૫૦૦ બેડની અલાયદી સુવિધા ઉભી કરાઈ**
- **રાજ્યમાં સરકારી-ખાનગી હોસ્પિટલ સહિત ૨૭૬૧ વેન્ટીલેટર ઉપલબ્ધ**

ડો. જયંતિ રવિએ ઉમેર્યું કે, રાજ્યમાં જે ૫૮ કેસ પોઝીટીવ નોંધાયા છે, જેમાં અમદાવાદમાં ૨૧, સુરતમાં ૦૭, રાજકોટમાં ૦૮, વડોદરામાં ૦૯, ગાંધીનગરમાં ૦૯, ભાવનગર, કચ્છ, મહેસાણા અને ગીર સોમનાથ સહિત પ્રત્યેક જિલ્લામાં એક-એક કેસ નોંધાયો છે.

તેમણે ઉમેર્યું કે, કોરોના વાયરસ સંદર્ભે સંભવિત સંક્રમણને અટકાવવા તથા પોઝીટીવ દર્દીઓને તત્વિરત સારવાર પૂરી પાડવા રાજ્યનું વહીવટી તંત્ર સૂંપૂર્ણ સજ્જ છે. મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી અને નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઈ પટેલના અધ્યક્ષ સ્થાને દરરોજ કોર કમિટીની બેઠકમાં જરૂરી માર્ગદર્શન અને યોગ્ય નિર્ણયો પણ લેવામાં આવી રહ્યા છે. રાજ્યના ચારેય મહાનગરો અને જિલ્લા કક્ષાએ ૫૫૦૦ જેટલા બેડની અલાયદી સુવિધાઓ પણ ઉપલબ્ધ કરવામાં આવી છે, જેમાં અમદાવાદ ખાતે ૧૨૦૦, સુરત ખાતે ૫૦૦, વડોદરા ખાતે ૨૫૦, રાજકોટ ખાતે ૨૫૦ બેડની સુવિધાવાળી ખાસ કોવિડ હોસ્પિટલ કાર્યરત થઈ ગઈ છે. એજરીતે રાજ્યના તમામ જિલ્લામાં ૫૦ સરકારી અને ૫૦ ખાનગી મળી અંદાજે ૧૦૦ બેડની સુવિધા વાળી ૩૩૦૦ બેડની વ્યવસ્થા પણ ઉભી કરવામાં આવી છે.

તેમણે ઉમેર્યું કે, પોઝીટીવ કેસોના દર્દીઓ કે જે વધુ ક્રિટીકલ હોયતો તેમને વેન્ટીલેટરની જરૂરિયાત પડે તેવા કિસ્સાઓમાં સારવાર પૂરી પાડવા રાજ્યમાં કુલ ૨૭૬૧ વેન્ટીલેટર્સ ઉપલબ્ધ છે જેમાં ૧૦૬૧ સરકારી સંસ્થામાં અને ૧૭૬૧ ખાનગી સંસ્થાઓમાં ઉપલબ્ધ છે. નવા વેન્ટીલેટર્સ ખરીદવાની પક્રિયા પણ હાથ ધરવામાં આવી છે. એન.જી.ઓ અને અન્ય સેવાભાવી સંસ્થાઓએ નવા વેન્ટીલેટર્સ પૂરા પાડવા માટેની તૈયારી દર્શાવાઈ છે.

ડો. રવિએ ઉમેર્યું કે, દેશના તમામ રાજ્યોને માસ્ક, પીપીઈ (પર્સનલ પ્રોટેક્ટીવ ઈક્વીપમેન્ટ) સહિત દવાઓનો જથ્થો પૂરતા પ્રમાણમાં સમાન રીતે જરૂરિયાત મુજબ મળી રહે તે માટે કેન્દ્ર સરકાર દ્વારા સુચારૂ રીતે સુગ્રથિત વ્યવસ્થા ઉભી કરાઈ છે એ માટે જે રાજ્યોનું ઈન્ડેક્ટ આવે એ મુજબ ફાળવણી કરાઈ રહી છે. આપણે પણ આપણી જરૂરિયાત મોકલી દીધી છે અને હવાઈ માર્ગે જથ્થો આવવાનો શરૂ પણ થઈ ગયો છે.

### મહાદેવ દેસાઈ ગ્રામસેવા સંકુલ સાદરામાં

# ૩૫ શ્રમયોગી સેવકોને બે માસના કરિયાણાની સહાય





ચિલોડા, તા. ૨૯

કોરોના વાઈરસ મહામારીને લીધે લોકડાઉન પરિસ્થિતિમાં ગૂજરાત વિદ્યાપીઠ સંચાલિત મહાદેવ દેસાઈ ગ્રામ સેવા સંકુલ - સાદરામાં ૩૫ શ્રમયોગી સેવકોને બે માસ સુધી ચાલે તેટલી ખોરાકની કીટ બનાવીને આપવામાં આવી હતી.

આ કીટમાં ઘઉંનો લોટ-૧૦ કિ.ગ્રા., ચોખા - ૬ કિ.ગ્રા., તુવેરદાળ - ૧.૫ કિ.ગ્રા., તેલ-૩ કિ.ગ્રા., ખાંડ-૩ કિ.ગ્રા., ગોળ - ૧ કિ.ગ્રા., મગની દાળ ૧.૫ કિ.ગ્રા., મગ-૫૦૦ ગ્રામ. ચા-૨૫૦ ગ્રામ, સાબુ નંગ-૨નો સમાવેશ થાય છે.

આ કીટ બનાવવામાં ગૃહપતિ મોહનભાઈ, ભરતભાઈ કલાર્ક, રમેશભાઈ, સ્મીતાબેને ભારે જહેમત ઉઠાવી હતી. સંકુલના સંયોજક પ્રા. રમેશભાઈ પટેલ, ડિન પ્રા પ્રભુલાલ કાસુન્દ્રાના માર્ગદર્શન હેઠળ સમગ્ર કામગીરીનું આયોજન કરવામાં આવ્યું હતું. આ અનુદાન ગૂજરાત વિદ્યાપીઠ મંડળ અમદાવાદ દ્વારા કુલ નાયક ડૉ. અનામિકભાઈ શાહ અને કાર્યકારી કુલ સચિવ ડૉ. ભરતભાઈ જોષીના શુભ સુવિચારોને લીધે સેવાયજ્ઞનું બીડું ઝડપ્યું હતું.



જાણીતા સંસ્થાના માલિક પ્રતિભા બેન આવેલ મુશ્કેલીઓમાં ગરીબો માટે ભોજન બનાવીને જાતે ગાડી લઈને નીકળી પડયા હતા. 'સેવા પરમો ધરમ...' સમજી દરેક લોકો આગલ આવે તે જરૂરી છે. કોરોના હરાવવા ભૂખથી ના મરી જાય માટે હરકોઈ આગળ આવો...

# આચાર્ય શ્રી પુરુષોત્તમપ્રિયદાસજી સ્વામીજીનો સંદેશ... 'સોશિયલ ડિસ્ટન્સ રાખો'



ગાંધીનગર, તા. ૨૯

આજે ભાગ્યશાળી ભારત દેશ તથા સમગ્ર વિશ્વમાં કોરોના (કોવિડ- ૧૯) નું ખૌફનાક તથા ભયજનક વાતાવરણ છે. અમારા સમગ્ર નાના-મોટા સર્વ ભારતીય નાગરિકોને નમ્ર વિનંતી છે કે અફવાઓથી દુર રહી અને ભારતના વડાપ્રધાનની અપીલ, ઉચ્ચ સરકારો તથા તજજ્ઞો, ડોક્ટરો તથા અન્ય સરકારી અધિકારો જે જે પ્રમાણે સુચના આપે એ પ્રમાણે આપણે ગંભીરતાપૂર્વક પાલન કરીએ અને કોરોના મહામારીને હરાવવામાં આપણે સહુ સાથ, સહકાર, સહયોગ આપીએ.

શ્રી સ્વામિનારાયણ ગાદી સંસ્થાન તરફથી સમગ્ર ભારત દેશ તથા સર્વ વિશ્વનું મંગલ થાઓ તેવી મનોકામના છે તથા સોશિયલ ડિસ્ટન્સ રાખવું જેથી બહુ જલ્દી થી સ્વાસ્થ્ય સંપાદન કરીએ એવી પૂર્ણ પુરુષોત્તમ શ્રી સ્વામિનારાયણ ભગવાનના ચરણોમાં પ્રેમ આદર સહિત પ્રાર્થના કરીએ છીએ.

## ડાયરેક્ટ દિલ સે

હું દરેક વખતે ત્યાં જ હારી
જાવ છું...
જ્યાં મેં
લાગણી અને વિશ્વાસ
રાખ્યો હોય...

## જન્મદિને વધામણી



અરૂણભાઈ એન ત્રિવેદી
એડવોકેટ
મો. ૯૮૨૪૧ ૦૭૧૧૧



દિનેશકુમાર બી રાઠોડ
મો. ૯૨૨૮૫ ૬૩૪૮૧



નિસર્ગ મહેતા



વાઢેર આર્યન નયન
મો. ૯૯૨૫૦ ૩૮૮૪૨

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.


- સંપાદક

# લોકડાઉન અને મહાન લેખક ટૉલ્સટોયની વાર્તા 'શર્ત'



પ્રસંગસર
સતીષ શામળદાન ચારણ
sscharan_aaa@yahoo.co.in

આપણા વડવાઓએ જે જોયું અને અનુભવ્યું નહોતું તેવા અનુભવોમાંથી આપણે પસાર થઈ રહ્યા છીએ. આને કારણે હતાશા, ગુસ્સો, હાનિકારક લાગણીઓની માનવજીવન ઉપર માઠી અસર ન થાય અને આ પરિસ્થિતિ દરમિયાન કંઈ રીતે સંયમ રાખવો અને તે દરમિયાન શું કરવું તે માટે મહાન લેખક ટૉલ્સટોયની એક વાર્તા



"શર્ત" આપણને ખૂબ જ ઉપયોગી થઈ શકે તેમ છે.

આ વાર્તામાં બે મિત્રો વચ્ચે શર્ત લાગે છે કે જો તે એક મહિના સુધી એક રૂમમાં, એકાંતમાં કોઈની સાથે મળ્યા વગર, વાતચીત કર્યા વગર વિતાવી દે તો તેને દસ લાખ રૂપિયા રોકડા આપવામાં આવશે અને જો તેમ થવામાં ચુક થશે તો તે શર્ત હારી જશે. પહેલો મિત્ર તે શર્ત સ્વિકાર કરે છે અને તેને દુર એક ખાલી મકાનમાં બંધ કરી દેવામાં આવે છે. તેને બે સમયનું ભોજન અને કેટલાક પુસ્તકો આપવામાં આવે છે. અને કહેવામાં આવ્યું કે સહન ન થાય તેવી પરિસ્થિતિ પેદા થાય તો તેને આપવામાં આવેલ ઘંટડી વગાડશે તો તેને બહાર કાઢવામાં આવશે. ખાલી મકાનમાં તેને રહેવાનું શરૂ કર્યુ. શરૂઆતના એક બે દિવસ જેમ તેમ કરીને, પુસ્તકોનો સહારો લઈને પસાર કર્યા. પણ જેમ જેમ દિવસો પસાર થતા ગયા તેમ તેમ તેને એકલાતાની પીડા ભયાનક લાગવા લાગી. એક એક દિવસ જુગ જેવો લાગવા મંડ્યો. તે પોતાના વાળ ખેચતો, ચીખતો, ચિલ્લાતો, રોતો પણ છેવટે તે મિત્ર સાથેની શર્તને યાદ કરી પોતાની જાતને સંભાળી લેતો.

પણ સમય પસાર થવાની સાથે તેનામાં એક અજીબ શાંતિ સ્થપાવા લાગી. કોઈ તેની પાસે હોય કે ના હોય તેનાથી તેને કોઈ ફર્ક પડતો નહોતો. આખો દિવસ મૌન બેસી રહેતો. અંદર એક શાંતિનો અહેસાસ થવાથી તેણે બુમો પાડવાનું ને ખિજાવાનું બંધ કરી દિધું.

આ બાજું એના મિત્રને ચિંતા થવા લાગી કે જે એક મહિનાના માટે શર્ત લગાવી હતી તેના દિવસો તો પુરા થવા આવ્યા છે અને તેનો મિત્ર તો એકાંતમાંથી બહાર આવતો નથી. અને જો એણે શર્ત જીતી લીધી તો આટલા બધા પૈસા ક્યાંથી લાવશે? પોતાને શર્ત હારી જવાની બીક લાગી. જેથી શર્ત લગાવનાર મિત્ર એકાંતવાસમાં જે મિત્ર હતો તેને ગોળી મારીને મારી નાખવાની યોજના બનાવે છે. શર્ત પુરી થવાના છેલ્લા બે દિવસ બાકી હતા ત્યારે તેને મારવા તે મકાન પાસે જાય. જ્યારે તે ત્યાં પહુંચે છે ત્યારે તેના આશ્ચર્યનો પાર નથી રહેતો. એકાંતમાં રહેલો દોસ્ત એક દિવસ પહેલાં ત્યાંથી ચાલ્યો ગયો હોય છે અને તેના મિત્રને સંબોધીને એક પત્ર મુકતો જાય છે. પત્રમાં લખ્યું હોય છે કે : ' પ્રિય મિત્ર, આ એક મહિનામાં મેં જે વસ્તુ મેળવી છે તેનું કોઈ મુલ્ય ચુકવી શકાય તેમ નથી. મેં એકાંતમાં રહીને અસીમ શાંતિનું સુખ મેળવ્યું છે અને એ પણ જાણી લીધું છે કે આપણી જરૂરિયાતો જેટલી ઓછી થતી જાય છે તેટલી 

શાંતિ અને આનંદ વધું મળે છે. આ દરમિયાન પરમાત્મા મારી સાથે જ રહ્યા છે. આટલી બધી માનસિક સંપત્તિ મને મળી અને તેથી જ હવે મારે બીજી કોઈ સંપત્તિની જરૂર નથી અને તેથી હું આ શર્ત તોડી રહ્યો છું.'

મિત્રો આજના આ સાંપ્રત સમયમાં આ વાર્તા આપણને લોકડાઉનએ પોતાની જાતને ચિંતા, ભય કે અન્ય આવેગોથી દુર રાખી પરમાત્મા આપણી સાથે છે તેવું તેમ માની જીવનને નવા દ્રષ્ટિકોણથી જોવાનું સુચવે છે. આમાં જ કોઈ સારા સંકેત હશે તેમ માની ભગવાન ઉપર વિશ્વાસ રાખીયે કે બધું સારુ થશે. પ્રકૃતિના આ પ્રકોપથી બચવા માટે બધા જ કામ છોડી, થોડા સમય માટે હાથ જોડી, મનમાં જે થાશે તે સારુ થશે તેવા સુવિચારો સાથે એક જગ્યાએ રોકાઈ જવું જોઈયે. ત્યારે જ આપણે આ પ્રકોપથી બચી શકીશું. કોરોના પણ તેનો સમય પુરો થતાં શાંત થઈ જશે.

આવો, લોકડાઉન અને સરકારી નિયમોનું પાલન કરીએ, શાંત રહી સમર્પિત ભાવથી પોતાની, પરિવારની, સમાજની અને રાષ્ટ્રની રક્ષા કરીએ. અને લોકડાઉન પુરુ થયે પોતાને, પરિવારને અને રાષ્ટ્રને ફરીથી ઉપર લાવવા તનતોડ મહેનત કરીયે.